પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક: જી/સીપી/વિશા/જાહેરનામુ/સ્કાય/લેન્ટર્ન/ ૫૧૫૩ /૨૦૨૦ તા.૩૦ /૧૨/૨૦૨૦

વિષય :- સ્કાય લેન્ટર્ન અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા બાબત.

સંદર્ભ :- (૧) ડી.જી.પી.શ્રીની કચેરીના પત્ર ક્રમાંક:જી-૧/કા.વ્ય/ટે-૨/કોર્ટ મેટર/૧૨૮/૨૦૧૯ તા.૦૮/૦૧/૨૦૧૯ તથા (૨) જી.૧/કા.વ્ય/ ટે-૨/કોર્ટ મેટર/૬૬૦૩/૨૦૨૦ તા.૨૯/૧૨/૨૦૨૦

(૨) અધિક સચિવ(કા.વ્ય) ગુજરાત સરકારશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરના ક્રમાંક:વિ-૨/ ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા) તા.૨૯/૧૨/૨૦૨૦

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગૃહવિભાગના સંદર્ભિત પત્ર-૨ માં જણાવ્યાનુસાર સી.આર.પી.સી.કલમ.૧૪૪ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) અને ચાઇનીઝ માંઝા / પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે ગુજરાત હાઇકોર્ટમાં દાદ માંગવામાં આવેલ. જે સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (પી.આઇ.એલ.)નં.૨૦/૨૦૧૫ તથા ૨૫૩/૨૦૧૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાઇનીઝ માંઝા/નાયલોન/ પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેવી રીતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી દ્વારા પણ તેમના તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ અન્વયે પતંગ ચગાવવા માટે નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય, અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઇનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસની કાર્યવાહી કરવા જણાવેલ છે.

(1) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓએ તેઓના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઉપરોકત બાબતે સ્થાનિક કક્ષાએ પતંગદોરીનું વેચાણ કરતા સ્થાનિક વિક્રેતાઓ / વેપારી મંડળો વિગેરે સાથે બેઠકો કરવી અને ઉપરોકત પ્રતિબંધ અંગે તેઓને જરૂરી સમજણ કરવી.

(૨) ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધ બાબતે સોશ્યલ અવેરનેસ ફેલાય તે સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, પ્રિન્ટ-ઇલેક્ટ્રીક મિડિયા તથા સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરી નાગરિકોમાં આ અંગે જાગૃતિ લાવવા પ્રયત્નો કરવા.

Scanned with CamSca

(૩) સદર પ્રતિબંધિત સ્કાય લેન્ટર્ન/ ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનાં ગેરકાયદેસર ઉપયોગ / ઉત્પાદન / વેચાણ અન્વયે સ્થાનિક ઇન્ટેલીજન્સ (ગુપ્ત માહિતી) એકત્રિત કરી તે આધારે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવી તથા સદરહુ પ્રતિબંધિત બાબતે અત્રેની કચેરીએથી જાહેરનામાં ક્માંક:જી/સીપી/વિ.શા/જાહેરનામુ/૫૧૪૮/૨૦૨૦ તા.૨૯/૧૨/૨૦૨૦ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. તેમ ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે, અને કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી થાણા અમલદારશ્રીઓએ સદર પત્ર સાથે સામેલ બિડાણમાં પત્રક-અ,બ,ક,ડ આપેલ નિયત નમુના અનુસાર રોજે રોજ અત્રેની કચેરીએ કલાક:૧૧/૦૦ સુધીમાં મળે તે રીતે મોકલી આપવામાં જણાવવામાં આવે છે.
(મે.પો.કમિ.શ્રી નાઓના આદેશાનુસાર)

(તેજલ પટેલ)
મદદનીશ પોલીસ કમિશ્નર
વિશેષ શાખા, વડોદરા શહેર

પ્રતિ,
પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ તમામ પોલીસ સ્ટેશન (ડી.સી.બી., એસ.ઓ.જી. સહિત) વડોદરા શહેર.

નકલ રવાના :–

(૧) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ ડીવી., વડોદરા શહેર.
૨/- જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

જયભારત નકલ રવાના (જાણ સારૂ)

અધિક પોલીસ કમિશ્નરશ્રી (કા.ટ્રા)વડોદરા શહેર.
નાયબ પોલીસ કમિશ્નરશ્રી તમામ, વડોદરા શહેર.
મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ, ટ્રાફિક, વડોદરા શહેર.

Scanned with CamSca

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીનું કાર્યાલય,
પ્રથમ માળ, પોલીસ ભવન,સેક્ટર-૧૮, ગાંધીનગર- ૩૮૨૦૦૭.
ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૬૩૨૯/ફોન નં. ૦૭૯- ૦૭૯-૨૩૨ ૫૪ ૩૪૧/૪૪/૪૬
E-mail : dgp-g1-br@gujarat.gov.in

GUJARAT POLICE

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**તાત્કાલિક/અગત્યનું.**

**ક્રમાંકઃ** જી.૧/કા.વ્ય./ટે.૨/કોર્ટ કેસ/૬૬૦૩/૨૦૨૦
**તારીખ:**૨૯/૧૨/૨૦૨૦

**વિષય:** સ્કાય લેન્ટર્ન અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા બાબત.

**સંદર્ભ:** (૧) અત્રેના કાર્યાલયના તા. ૦૮/૦૧/૨૦૧૯ ના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય./ટે-૨/કોર્ટ મેટર/૧૨૮/૨૦૧૯.
(૨)અધિક સચિવ(કા.વ્ય.), ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.૨૯/૧૨/૨૦૨૦ નાપત્રક્રમાંક: વિ.૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા.).

સવિનય ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગૃહ વિભાગના સંદર્ભીત પત્ર-૦૨ માં જણાવ્યાનુસાર સી.આર.પી.સી. કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે સ્કાય લેન્ટર્ન(ચાઇનીઝ તુક્કલ) અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે ગુજરાત હાઇકોર્ટમાં દાદ માંગવામાં આવેલ. જે સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન(પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ તથા ૨૫૩/૨૦૧૬માં નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેવી રીતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી દ્વારા પણ તેમના તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ અન્વયે પતંગ ચગાવવા માટે નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઇનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

૨. ઉપરોક્ત વિગતો અન્વયે નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ અંગે સી.આર.પી.સી. કલમ-૧૪૪ હેઠળ તમામ પોલીસ કમિશનરશ્રીઓએ આ અંગે જાહેરનામા બહાર પાડવા અને તેનો ચુસ્ત અમલ થાય તે અંગે જરૂરી તકેદારી રાખવા તેમજ તમામ પોલીસ અધિક્ષકશ્રીઓએ સંબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને આ બાબતે અવગત કરી તેઓશ્રી તરફથી આ અંગેના જાહેરનામા પ્રસિધ્ધ થયેથી તેનો અમલ સુનિશ્ચિત કરવા તથા તે સારૂ નીચે મુજબની કાર્યવાહી કરવી .

(i) સદર વિષય અન્વયે સ્થાનિક કક્ષાએ ACP/DY.S.P કક્ષાના અધિકારી દ્વારા પતંગ-દોરીનુ વેચાણ કરતા સ્થાનિક વિક્રેતાઓ/વેપારી મંડળો વિગેરે સાથે બેઠકો કરવી અને ઉપરોક્ત પ્રતિબંધ અંગે તેઓને જરૂરી સમજણ કરવી.

(ii) ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધ બાબતે સોશિયલ અવેરનેસ ફેલાય તે સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, પ્રિન્ટ - ઇલેક્ટ્રિક મિડિયા તથા સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી નાગરિકોમાં આ અંગે જાગ્રુતિ લાવવા પ્રયત્નો કરવા.

૩. સદર પ્રતિબંધિત સ્કાય લેન્ટર્ન /ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનાં ગેરકાયદેસર ઉપયોગ/ઉત્પાદન/વેચાણ અન્વયે સ્થાનિક ઇન્ટેલીજન્સ (ગુપ્ત માહિતી)એકત્રિત કરી તે આધારે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવી તથા કરવામાં આવેલ કાર્યવાહીની જાણ સદર પત્ર સાથે સામેલ બિડાણમાં આપેલ નિયતનમુના અનુસાર એક્શન ટેકન રીપોર્ટ તૈયાર કરી અત્રેના કાર્યાલયની જાણ હેઠળ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર નાઓને મોકલી આપવા વિનંતી છે.

**પોલીસ મહાનિદેશકશ્રી તથા હેડ ઓફ પોલીસ ફોર્સના આદેશાનુસાર**

**બિડાણ:** સંદર્ભિત પત્રો ની નકલ.

(નરસિમ્હા કોમાર)
પોલીસ મહાનિરીક્ષક (કાયદો અને વ્યવસ્થા)

પ્રતિ
તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ

**સવિનય નકલ રવાના(જાણ સારુ):**
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
(૨) તમામ વિભાગીય વડાશ્રીઓ.

Scanned with CamScanner

By E-mail

# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ.૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા)
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 29 DEC 2020
FAX No. 079-232-52075.
Email: us-lno1-home@gujarat.gov.in

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.

વિષય: સ્કાય લેન્ટર્ન અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, શ્રી જીવણભાઇ રેવાભાઇ રબારી દ્વારા દાખલ કરવામાં આવેલ રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ થી "સ્કાય લેન્ટર્ન"(ચાઇનીઝ તુક્કલ) તેમજ ચાઇનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ–પંખી તેમજ પર્યાવરણને થતાં નુકશાન, આગજની કે તેવી કોઇ અન્ય દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા સી.આર.પી.સી.કલમ–૧૪૪ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે ચાઇનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા માટે દાદ માંગવામાં આવેલ. જે સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૨૨/૧૨/૨૦૧૫ના હુકમ તથા નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૫૩/૨૦૧૬માં નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના હુકમથી ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. વધુમાં, નેશનલ ગ્રીન ટીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં.૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડીયા અને અન્યોના કેસમાં તા.૧૧/૦૭/૨૦૧૭ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન–બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ ચાઇનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

૩. આથી, આગામી વર્ષ:જાન્યુઆરી–૨૦૨૧માં ઉત્તરાયણ પર્વ નિમિત્તે નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ અન્વયે સી.આર.પી.સી.કલમ–૧૪૪ હેઠળ જાહેરનામાં બહાર પાડવા તથા તેનો ચુસ્તપણે અમલ થાય તે અંગે જરૂરી તકેદારી રાખવા આપને જણાવવામાં આવે

today
Put up
Urgent
29/12

Scanned with CamScanner

છે. આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી ગૃહ વિભાગને તુર્તજ વાકેફ કરવા તેમજ આ સાથે સામેલ પત્રક અનુસાર એકશન ટેકન રીપોર્ટ મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય)
ગૃહ વિભાગ

**બિડાણ :** ઉપર મુજબ

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :**

- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષણ અધિકારીશ્રી, અરણ્ય ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર.

Scanned with CamSca

## પત્રક : (અ)

જિલ્લા / શહેરમાં ચાઇનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન)નું ગેરકાયદેસર વેચાણ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતા પત્રકનો નમૂનો

જિલ્લાનુ નામ :- ........................................... /શહેર (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ) : ....................

| ક્રમાંક | તપાસ કરવામાં આવેલ સ્થળની વિગતો | પકડવામાં આવેલ ચાઇનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન)ની સંખ્યાઅને કિંમત | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| | | | | |

## પત્રક : (બ)

જિલ્લા/ શહેરમાં ચાઇનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન ઊડાડનાર વિરુધ્ધ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતા પત્રકનો નમૂનો

| ક્રમાંક | ઉપયોગ કરતા પકડાયેલ વ્યકિત/વ્યકિતોની વિગતો | વ્યકિત/વ્યકિતઓ પાસેથી પકડવામાં આવેલ ચાઇનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન)ની સંખ્યા | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| | | | | |

જિલ્લાનુ નામ:- ......................................./શહેર (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ) : ..............................

## પત્રક : (ક)

જિલ્લા/ શહેરમાં ચાઇનીઝ/નાયલોનદોરી/કાચ પાયેલી દોરીનો વેચાણ કરનાર વિરુધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતા પત્રકનો નમૂનો

| ક્રમાંક | તપાસ કરવામાં આવેલ સ્થળની વિગતો | પકડવામાં આવેલ ચાઇનીઝ દોરી/કાચ પાયેલી દોરીની વિગતો | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| | | | | |

જિલ્લાનુ નામ :- ................................. / શહેર (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ) : ...........................

## પત્રક : (ડ)

જિલ્લા/ શહેરમાં ચાઇનીઝ/નાયલોન દોરી/કાચ પાયેલી દોરીનો ઉપયોગ કરનાર વિરુધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતા પત્રકનો નમૂનો

| ક્રમાંક | ઉપયોગ કરતા પકડાયેલ વ્યકિત/વ્યકિતોની વિગતો | વ્યકિત/વ્યકિતઓ પાસેથી પકડવામાં આવેલ ચાઇનીઝ દોરી/કાચ પાયેલી દોરીની વિગતો | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| | | | | |

જિલ્લાનુ નામ:- ................................./શહેર (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ) : ..........................

Scanned with CamSca